૪૧૪૩

શ્રી

શ્રીસયાજીસ્તોત્ર.

રચનાર,

તાપીશંકર. પ્રભુશંકર. રાવળ.

ઑડીટર પ્રાંત નવસારી સુબા આફીસ.

સુરત.

ધી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસમાં ગંગારામ આતમારામે છાપ્યો.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીમત બે આના.

ગામના નમુનાની કવિતા.

દોહરા.

સર્વે રોજને ખતવણી, પાવતિ પડતર થાય;
૧ ૨ ૩ ૪ ૫
માલજમાને પાહણી, આક લાવણી જાય. ૧
૬ ૭ ૮
નવમો હકનો તે થકી, ન્યુંનાધીક જણાય;
૯ ૧૦
બહારખળી કરાવને, તેર કેફિયત થાય. ૨
૧૧ ૧૨ ૧૩
અનંત ફાજલ પડગરે, તળાવ વ્યાપી કૂપ;
૧૪ ૧૫ ૧૬
સત્તર આવક પ્રચુરણે વેરો દેખો ખૂપ. ૩
૧૭ ૧૮


TRADE
MARK
H.H. SYAJIRAO GAIKWAD

શ્રી

અર્પણ પત્ર.

શેઠ સોરાબજી બરજોરજી કોટવાલ.

શહેર નવસારી.

સાહેબ,—

આપ ગુર્જર દેશમાં અમારા દેશ બાંધવ હોવાની સાથે વિદ્યા વૃદ્ધિ થવામાં હોંશીલા છો. ધર્મશીળ, નમ્ર, તથા વિચારી હોવાની સાથે રાજ ભક્ત છો; એટલુંજ નહીં પરંતુ માહારા ઉપર આપનો ભ્રાતૃ ભાવ છે; એ સુજ્ઞ ગુણો મનમાં આણી આ લઘુ ગ્રંથ આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

તા૦ ૧ માહે સ્પટેંબર સન ૧૮૮૯.
મિતી ભાદરવા સુદ ૬ સવંત ૧૯૪૫.
મુકામ નવસારી.

આપનો હમેશનો સ્નેહી,
તાપીશંકર પ્રભુશંકર.

પ્રસ્તાવના.

શ્રિમંતોની પ્રસંશા કરવી, અને તેના ગુણનુ વર્ણનં એ બે બોલમાં મોહોટો અંતર આવેછે, પ્રસંશામાં કેવળ ભાટ ચારણ માફક કેટલી એક સાચી જુઠી ભરાઇ એન સમાસ રહેલો છે, અને ગુણાંનૌદમાં કેવળ ભક્તિ ભાવની સાથે સત્યજ શોભી રહેલું છે, આવા કારણને લીધે શ્રિમંત સયાજી રાવના ગુણના વાદને હું **શ્રી.સયાજીસ્તોત્ર** એ નામ આપી પુસ્તક બહાર પાડુછું.

નામાંકિત પુરૂષોએ ગુણ મેળવવાને માટે કહ્યુંછે કે,—

કવિત.

રાખે સદગુણ વળી, ધિરજ મનમાં ધરી;
ઉતારે તે વાત બીજા, નરના તે તનમાં;
વળી રાખે સાદાપણું, ગંભીર પણું તો ઘણું;
અભિમાન નવ ધરે, ચતુર તે મનમાં;
નરમાશ રાખે ઘણી, દુરાચરણ તો તણી;
પાસથી તે આઘો રહી, વિચારીને વદતો;
હું મોટો છું, હું મોટો છું, લોકમાં જણાવવાને;
એવા અભિમાન તણો, લેશ નહિં મદતો. ૧
તેજ પ્રખ્યાતી પામેને, તેજ ગુણીમાં ગણાય;
ચતુર તે રોજરોજ, મીઠી વાણી બોલતો;

દેશ ન્યાત સુધારવા, કામ જે કરવું હોય;
પોતાની છાની તે વાત, ગુણી પાસે ખોલતો;
પર ઉપકારી કામ, કરવાને લાગે તાન;
દેશ ન્યાત સુધારવા, ઉપરી થઇ પડે;
જનો કહે દીને દીને, માન મેળવ્યાને કામે;
શુકલ પક્ષના શશિની, પેઠે ચડતાંચડે. ૨.

ઉપર પ્રમાણે શ્રિમંત મ્હારાજા સાહેબમાં સઘળા ગુણો હોવાથી આસ્તોત્ર રચવાને મને પ્રેરીત કર્યોછે, તે સુજ્ઞ જનો વાંચી મેં જે ભાવે આ પુસ્તક લખ્યુંછે, તેજ ભાવ મનમાં રાખશે એવી હું આશા રાખુછું, ઉપર પ્રમાણે હું ભક્તિ ભાવમાં તલ્લિન હોવાથી કવિતાના ગુણ દોશ તરફ નહિ જોવાયું હોય તો સુજ્ઞ વાંચકો ક્ષમા કરશો. અને વળી પદ્યાત્મક વિષય લખવાનો આ મારો પ્રયાસ પણ પહેલોજ છે.

તારીખ ૧ સ્પટેમબર } સને ૧૮૮૯. }

તાપીશંકર પ્રભુશંકર.
ગ્રંથકાર.

શ્રીસયાજીસ્તોત્ર.

સ્તુતિ.

પ્રથમ નમુ ગુરૂ દેવને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહાભિમાન. ૧
તત્વસાર ત્રિલોકમાં, ગુરૂ ગોવીંદજ રૂપ;
આદ્ય અંત્ય મધ્ય એહછે, હરિ ગુરૂ સંત સ્વરૂપ. ૨

પદ.

ધન્ય ધન્ય ધન્ય આજ, ધન્ય ભાગ્ય આજે;
રાય સયાજી રૂડેરા, અમોપર વિરાજે. ટેક.
દયા ધર્મ દાનનાજ, કરે કામ કાજે;
કિર્તિ જેની આજ રૂડી, ગગનમાંહી ગાજે. ધન્ય ધન્ય. ૧
દેશી રાજ્ય દીપાવ્યું છે, મેહેનતે મ્હારાજે;
ગુણ ગાય સર્વ પ્રજા, આજ એક અવાજે. ધન્ય ધન્ય. ૨
પ્રજા પામે પૂર્ણ જ્ઞાન, સલાહ શાંતી સાજે;
દેશની આબાદી વધે, થયે જ્ઞાન ઝાઝે. ધન્ય ધન્ય. ૩
સુદના શશિનિ પેર, ચડતી થાય રાજે;
સર્વ કાર્ય સિધ્ધ કરે તું, આ મોટા મહારાજે. ધન્ય ધન્ય. ૪

અમને અતિ ખૂશ કર્યા, છબી જેની છાજે;
શિખી સિખી આપીને તું, ભૂપ સર્વ ભાજે. ધન્ય ધન્ય. ૫
કુશળ કુટુંબ કબીલો ને, કુશળ રાજ્ય કાજે;
કુશળ કરી સર્વ પ્રજા, રાખી પ્રભુ લાજે. ધન્ય ધન્ય. ૬
અમર છે આકાશે પ્રભુ, ભક્તિ એ ધ્રુવ રાજે;
અમર રહો અવની ઉપર, એવા રાય રાજે. ધન્ય ધન્ય. ૭
દિપોત્સવથી દશ ગણો છે, અમને આનંદ આજે;
ભલે ભલે સયાજી તો, પ્રજા ભૂપ ભાજે. ધન્ય ધન્ય. ૮

કવિત.

સંપતને સહુ ચાય, જોર જગમાં જણાય;
આનંદ અતિશેં થાય, દુઃખ દુર જાયછે;
ગોપાળના ગુણ ગાય, પ્રજા જન સુખી થાય;
ગાયકવાડીના એતો, વિર ત્રણ થાયછે.
ત્રણ ત્રિલોચન એક, બ્રહ્મા અને વિષ્ણુ છે તે;
સેવવાથી રૂડા લાભ, જગમાં જણાયછે;
રાત દિન નામ રટે, તેના પરિતાપ મટે;
જગતને તારનાર, જગમાં જણાય છે. ૧
જરૂર ત્રણની ભાઈ, મથન કરેછે ધાઈ;
બાળને પુરૂષ બાઈ, એકકી રીતે ચાયછે;

એવા સર્વમાન્ય કોઇ, ખોળીને બતાવો જોઈ;
જગ જેને રહી મોહી, ખુબી જેની થાયછે.
વાહ વાહ ત્રણ વિર, ધિમંત ધિરા ગંભીર;
ન્યાયી, શુર, રાજવીર, આ લોકે મનાયછે;
ઉત્પન્ન, વૃદ્ધિ, સંહાર, જગતનો વહેવાર;
ગુણી જેનો પામી પાર, ગુણ નિત્ય ગાયછે. ૨

હરીગીતછંદ.

પ્રભુ પુર્ણ તું કરૂણા કરી આનંદ સૌને આપતો,
સુખ સાગરા કરી સુખને વળિ, કષ્ટ સઘળાં કાપતો;
ધન્ય ધન્ય ગાયકવાડીમાં, ખુબ ખુબી દિશે આજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૧

સલાહ શાન્તીનો સમય વળી, વિદ્યા વૃદ્ધિ થાયરે,
જાલમો નથી જકાત સમયે, સમયે ઘટતિ જાયરે;
વેપાર ચાકરી ખેતીના, કરી ઉમંગે કાજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૨

જૂલમી ઇજારા થતાતા, પ્રજા પિડાતિ લાખરે,
લુચ્ચાઇ દાંગાઇના વખતે, શાની વધતી શાખરે;
કેળવણી કેળવણીથી ઘણી, લઇ ગર્જનાથી ગાજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૩

સુઘરાઇ ખાતું સુખ દીએ, દવાઇ ટાળે દુઃખરે,
પિડાયલી પ્યારી પ્રજા હવે, પામતી જોઇ સુખરે;
ઉલટ ભરી રૈયતની જોગુ, દિલે રાખી દાઝરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૪

નવીન સુધારા થાયજેને, સમુહ મદદે થાયરે,
ભાગ્યાના ભીલુ ભીડ વખતે, સદ્ય કરતા સ્હાયરે;
આબાદિતો બહુ થાય સુખનો, વળી વધતો સાજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૫

ન્યાય અદલો અદાલતે નીત, સંપત્તજ અપાયરે,
ગૌપાળ ગાયકવાડિમાં, આનંદ અતિશેં થાયરે;
રાજમહેલ ને કોલેજોછે રાજનો સુભ સાજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૬

ગુર્જરની ગણના થકી દુઃખી, દિલાસાનું ધામરે,
નમન કરેછે બહુ પ્રજા ગણિ નિત, પ્રભાતનું નામરે;
આ ધાર્મે રાજની લાજને પ્રભુ તપો અમ્મર તાજરે;

આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૭
અતિ રિધ્ધી સિધ્ધી મળો પુરણ, કરો પ્રભુ મન કામના;
આયુષ્ય વંશની વૃદ્ધિ કરને, નવે ખંડે નામના;
આપીને ઉમરાવ પ્રભૂ તેં, રાખી રૂડિ લાજરે;

આનંદ સંપતરાવને જ્યાં સયાજી મ્હારાજરે. ૮
જ્ઞાનેશ્વરી, પૂનેશ્વરી, સમશેર બ્હાદુર શૂરરે;
સુદના શશિની પેઠ રાજનું, વધો નિતનિત નુરરે;
વડિલે કર્યાં તેવાં કરશે નિત, તાપિશંકર કાજરે,
આનંદ સંપતરાવને જ્યાં, સયાજી મ્હારાજરે. ૯

મનહર.

નામી નામ વદે નહીં, ગામી ગમન લહે છે;
રામી રટણ ચાં છે, આનંદ પામી બહુ;
એવા અદભુત વિશે, દુનીઆમાં કોણ કહો;
સુણોરે સાધ્યો સહુ, નામ તો તેના કહું;
સયાજી નામ પ્રસીધ, તે વદે નહી કોઈને;
આનંદ વદે ગમન, લ્હેર તો આનંદની;
વડીલ પડયાછે માટે, વેવાર ચલાવ્યો આપે;
રાખી સંપતને સાથે, આનંદ પર્માંદની ૧

હરીગીતની ચાલ.

વીર ક્ષેત્ર વિશાળ વિશ્વે, વિધ્ધ વિધે વિખ્યાતજે;
સમશેર બ્હાદુર શ્રેષ્ટ શ્રિ, નૃપ વિપેજ પ્રખ્યાતજે;
આ સમય પ્રાપ્ત થયો રૂડો, મુજ હૃદય હર્ષિતછે અતી;
તે પુણ્ય ક્ષેત્ર પતિ, સમીપ, ધરિ સુમતિ કરૂ વિનતી; ૧

રાજ્ય તખ્તારૂઢ થૈં, કઇ દુઃખ દથાં સુપ્રજા તણા,
વિદ્યા વધારી નિયમ બાંધ્યા, સુખ વિષે નવ રહી મણા.
સહુ કાર્યને વળી ન્યાય કરતા, પ્રજા નિયમ થવા વતી;
તે પુણ્ય ક્ષેત્રપતિ, સમીપ, ધરિ, સુમતિ કરૂં વિનતી. ૨
સુ ધર્મ, કર્મ, વિશે, સુ ગતિ કરિ, પર હરી ભ્રમ જાળને,
અલ્પ વય, પણ, ઉચ્ચ પદ પ્રતિ, વસ્યા ધસિ ધરિ ફાળને;
વિદ્યા ગ્રહિ પરદેશની નિજ, દેશની ના આણ છતી,
તે પુણ્ય ક્ષેત્રપતિ, સમીપ, ધરિ સુમતિ કરૂ વિનતી. ૩
લઘુ વય છતાં પણ, પ્રૌઢતા અતિ દૈવિ ભૂતિ વખાણાયછે;
સકળ દેશ વિશે સુરેશ સમા, યશસ્વી ગણાય છે;
શ્રિ માન ભુપતિસયાજી, પતિ પ્રજા ચાહય થવા સતી
તે પુણ્ય ક્ષેત્રપતી સમીપ, ધરિ સુમતિ કરૂ વિનતી. ૪
નીજ નાથને જેમ અબળ સુખ, ચહિશરણ થાવા જાયછે;
તેમ આપ શરણ ગણી અનુપમ, મુજ મનોદય થાયછે;
નીજ કષ્ટ કાપી સકળ જનના, કાપવા દુઃખ ધરી ધૃતી;
તે પુણ્ય ક્ષેત્રપતિ, સમીપ, ધરિ સુમતિ કરૂ વિનતી. ૫

વસંતતિલકા.

નિત્યે પ્રભુ વિનવિને વદુ હાથ જોડી,
મ્હારી મતી અગર જો બળવાન થોડી.

હે વિશ્વઇશ, અતિ અલ્પથી માના લેજો,
વિશ્વે સયાજી નૃપને સુખ શાંતિ દેજો. ૧
શત્રૂ કરી અબળ, આપ કૃપાળ થાજો,
જ્યાં જ્યાં પડે વિપત, ત્યાં વિભુ આપ ધાજો,
હું રંકની વતી સદા દુઃખ એજ સ્હેજો,
વિશ્વે સયાજી નૃપને સુખ શાંતિ દેજો. ૨

શાર્દૂલ વિક્રિડિત.

મ્હારાજા મહિપાળ આપ પદને, નામી કરૂં વિનતી,
સંક્ષેપે વદીને વિરામ ગ્રહું છું, ત્રાશેન શ્રીની મતી.
આશા પૂર્ણ કરો સદા શરણની, પ્રિતી વડે દાસની,
તાપીશંકર તો પ્રસાદ ગ્રહીને મુક્તિ ચહૂ પાસની. ૧

સમાપ્ત.

તાલુકાના નમુનાની કવિતા.

દોહરા.

દહે રકમે વિંધોટિથી, વનાં વિઘોટિ માન ;
૧ ૨ ૩ ૪
બાહારખળી પ્રચુરણે, વ્યર્થ ઇનામી જાણ. ૧
૫ ૬ ૭
ઘાસ જંગલ વારૂણી, અફિણ રસ કહેવાય ;
૮ ૯ ૧૦ ૧૧ ૧૨
વેરા જકાતિ લુણથકી, પેશજમી લૂટાય. ૨
૧૩ ૧૪ ૧૫ ૧૬
એ પછી શાળા સ્ટામ્પનુ, મ્હાલી ઉત્પન્ન થાય ;
૧૭
વિધવિધસૈ એ અંકના, મેળ અઢારે ખાય. ૩
૧૮
વીસથકી તો પૂર્વમાં, વસુલ બાકી જણાય ;
૧૯
પૂર્ણ ગતિકા વીગમે, બાકિ તપશીલ થાય. ૪
૨૦

જાહેર ખબર.

———0*0———

"તાપીશંકર ગદ્ય" એ નામનું પુસ્તક ઘણુંજ લોકોપયોગી હોવાથી તમામ પ્રત ખપી જવાથી હાલ ગ્રંથકાર પાસે એક પણ પ્રત સીલક નથી. કેટલાક ગ્રહસ્થો તરફથી એ ચોપડી મેળવવાની માંગણીઓ આવેછે, પરંતુ છપાવવું એ કેવળ ગ્રાહકોની સંખ્યા ઉપર આધાર રેહછે, માટે સો ગ્રાહકો કીંવાં તેથી અધિક જનોની માંગણી આવેથી, કીમતમાં કિફાયત કરી બીજી આવૃતિ યોગ્ય સુધારા વધારા સાથે કાહડવામાં આવશે; માટે સુજ્ઞ ગ્રહસ્થોએ આ જાહેરખબર ધ્યાન દઇ વાંચી મરજી હશેતો પોતાના નામો લખી મોકલવા કૃપા કરવી.